# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી

ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા.
જુનાગઢ. ગુજરાત(ભારત) ફો.(ઓ) : ૦૨૮૫–૨૬૮૧૪૦૦
Website : http://www.bknmu.edu.in Email. : cebknmu@gmail.com


**પરીપત્રઃ**

**વિષય** : યુનિવર્સિટી દ્વારા જુદી-જુદી થીયરી પરીક્ષા સંચાલનના (સુપરવીઝન) મહેનતાણાના દરોમાં વધારો કરવા બાબત.

**સંદર્ભ** : અત્રેની યુનિવર્સિટીના પરીપત્ર ક્રમાંક બીકેએનએમયુ/પરીક્ષા/૨૧/૨૦૨૦, તા.૦૪/૦૧/૨૦૨૦.

આથી ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય સંસ્થાઓના વડાઓ અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર ઈન્ચાર્જશ્રીઓ તથા પરીક્ષા સ્થળ સંચાલકશ્રીઓને જણાવવામાં આવે છે કે એક્ઝીક્યુટીવ કાઉન્સીલની તા.૧૬/૧૧/૨૦૧૯ ની બેઠક ના ઠરાવ ક્રમાંક ૧૮.૩૨ અનુસાર થીયરી પરીક્ષા સંચાલન માટે કોલેજ/સેન્ટરને પ્રતિ સેશન વિદ્યાર્થી દીઠ રૂા.૮/- ચૂકવવાનું ઠરાવવામાં આવેલ હતું.

ઉક્ત બાબતે જણાવવાનું કે હાલ Covid-19 મહામારીની પરિસ્થિતીને કારણે જે-તે પરીક્ષા કેન્દ્રો પર સેનીટાઇઝીંગ, માસ્ક, હેન્ડ ગ્લોવ્ઝ, ટેમ્પરેચર ગન વગેરે જેવા ઉપકરણો વસાવવા, મેડીકલ ટીમ ની વ્યવસ્થા કરવી, સામાજીક દૂરી જાળવવી તથા સરકારશ્રીની Covid-19 ની ગાઇડલાઇનનું ચુસ્તપણે પાલન કરવા અંગેનાં વધારાના ખર્ચનાં ભારણ પેટે માન.કુલપતિશ્રીની આજ્ઞાનુસાર માત્ર ને માત્ર ઓગષ્ટ/સપ્ટેમ્બર, ૨૦૨૦ દરમિયાન લેવાયેલ થિયરી પરીક્ષાનાં સુપરવીઝનનાં બીલ પ્રતિ સેશન વિદ્યાર્થી દીઠ રૂા.૮/- ચૂકવવામાં આવે છે તેમાં પ્રતિ સેશન વિદ્યાર્થી દીઠ રૂા.૪/- નો વધારો કરી પ્રતિ સેશન વિદ્યાર્થી દીઠ રૂા.૧૨/- લેખે ચૂકવણી કરવામાં આવશે જેની તમામ સંબંધીતોએ નોંધ લેવી. આ અંગેના હિસાબોના વાઉચર કોલેજ રેકર્ડ પર રાખવાના રહેશે તથા યુનિવર્સિટી જ્યારે ચકાસણી માટે માંગે ત્યારે રજુ કરવાના રહેશે.

**નોંધઃ**

Covid-19 મહામારીની પરિસ્થિતીને ધ્યાને લઇ થિયરી પરીક્ષાનાં સુપરવીઝનનાં બીલમાં કરવામાં આવેલ વધારો માત્ર ઓગષ્ટ/સપ્ટેમ્બર, ૨૦૨૦ દરમિયાન લેવાયેલ થિયરી પરીક્ષા પૂરતો જ માન્ય રહેશે.

DMSakhadey

**પરીક્ષા નિયામક**

ક્રમાંક/બીકેએનએમયુ/પરીક્ષા/૬૬૩/૨૦૨૦
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જૂનાગઢ-362263
તા.૦૪/૦૯/૨૦૨૦

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય સંસ્થાઓના વડાઓ અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર ઈન્ચાર્જશ્રીઓ તથા પરીક્ષા સ્થળ સંચાલકશ્રીઓ તરફ...

**નકલ સાદર રવાના:-**

(1) માન.કુલપતિશ્રી/ કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી,
(2) હિસાબી શાખા

**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:-**

(1) આઈ.ટી. સેલ જરૂરી કાર્યવાહી અર્થે અને વેબસાઈટ પર પ્રસિધ્ધ થવા અર્થે.